# ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ (જીબીએ) ની શરૂઆત
સપ્ટેમ્બર 09, 2023

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સિંગાપોર, બાંગ્લાદેશ, ઇટાલી, યુએસએ, બ્રાઝિલ, આર્જેન્ટિના, મોરેશિયસ અને યુએઈના નેતાઓ સાથે મળીને નવી દિલ્હીમાં જી 20 સમિટની સાથે 9 સપ્ટેમ્બર 2023 ના રોજ ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સની શરૂઆત કરી હતી.

2. ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ (જીબીએ) એ ભારત દ્વારા જી20 અધ્યક્ષ તરીકેની પહેલ છે. એલાયન્સ ટેકનોલોજીની પ્રગતિને સરળ બનાવીને, સ્થાયી બાયોફ્યુઅલનો ઉપયોગ વધારીને, મજબૂત ધોરણોની રચના અને પ્રમાણપત્રને વ્યાપક હિસ્સેદારોની ભાગીદારી દ્વારા પ્રોત્સાહન આપીને બાયોફ્યુઅલનો વૈશ્વિક વપરાશ ઝડપી બનાવવાનો ઇરાદો ધરાવે છે. આ ગઠબંધન જ જ્ઞાનના કેન્દ્રિય ભંડાર અને નિષ્ણાત કેન્દ્ર તરીકે પણ કાર્ય કરશે. જીબીએનો ઉદ્દેશ એક સહાયક પ્લેટફોર્મ તરીકે સેવા આપવાનો છે, જે બાયોફ્યુઅલ્સના વિકાસ અને વ્યાપકપણે અપનાવવા માટે વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપે છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 09, 2023**